નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી ઠાકોર અને કોળી જાતિઓની વિવિધ યોજના માટે યોજાનાર જાગૃતિ શિબિરોની નવી બાબતની વહીવટી મંજૂરી અંગે.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૨૦/૮૩૧૯૮/ન.બા-૭૬/અ૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૩૧/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૫/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૨૮

આમુખ :-

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ગાંધીનગરની રચના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર અને કોળી સમાજના ઉત્કર્ષ માટે કરવામાં આવેલ છે. નિગમના ઉદ્દેશ અને ધારાધોરણ મુજબ ઠાકોર અને કોળી જાતિઓમાં રહેલ અંધશ્રદ્ધા, સામાજીક કુરિવાજો, આરોગ્ય અને સ્વચ્છતા વિષયક બાબતોમાં સુધારા સુચવવા માટે તેમજ તેમની સાંસ્કૃતિક અને સંલગ્ન પ્રવૃત્તિઓના વિકાસ માટે સેમિનારો ચલાવવાનો નિગમનો ઉદ્દેશ છે. આ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી ઠાકોર અને કોળી જાતિઓમાં રહેલ બાળ લગ્ન પ્રથા નાબુદી, વ્યસન મુક્તિ, સ્વચ્છતા અભિયાન, નિગમની યોજનાઓના પ્રચાર-પ્રસાર તેમજ વસુલાત માટે અવરનેસ કેમ્પો સંસ્થાઓના સંકલનમાં રહી કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ., ગાંધીનગરને નિગમની યોજનાઓની જાણકારી અને તેનો વ્યાપ વધે તે માટે ગુજરાતભરમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઠાકોર અને કોળી સમુદાયની વિવિધ યોજનાકીય માર્ગદર્શન, વ્યસન મુક્તિ, બાળ લગ્ન નાબુદી, સમાજના કુરિવાજો તથા અન્ય બાબતો આવરી લેવા માટે અવેરનેસ કેમ્પ (જાગૃતિ શિબિરો) માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રત્યેક અવેરનેશ કેમ્પ દીઠ ખર્ચની મર્યાદા રૂ.૫૦,૦૦૦/- ધ્યાને રાખી કુલ ૨૦ અવેરનેશ કેમ્પ માટે રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ યોજનાઓનું અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦થી કરવાનું રહેશે.

૧૨. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર.મુજબ નકશા/અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૩. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૧૪. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૫. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહિ અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

૧૬. નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી પ્રતિબંધિત કરેલ ખર્ચ વિષયક બાબતો પર ખર્ચ ન થાય તે નિયામકશ્રી(વિ.જા.ક.)એ જોવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૧૯૦-જાહેર સાહસોને સહાય, પેટા સદર:૦૩-ઓ.બી.સી.-૧૨ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને વહીવટી ગ્રાન્ટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.